ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી

**યુવા હૃદય સમ્રાટ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને**

**જન્મ દિવસે હાર્દિક શુભકામનાઓ....**

**શક્તિપીઠ અંબાજીથી આજે પ્રસ્થાન થનાર**

**સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા માટે**

**પધારી રહેલા મા. નરેન્દ્રભાઈ મોદીનું**

**હાર્દિક સ્વાગત કરીએ છીએ**



શ્રી આર. સી. ફળદુ



રમેશભાઈ પટેલ
પ્રમુખ,
સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્ર,
બનાસકાંઠા



ગૌરાંગ પાધ્યા
મંત્રી,
સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્ર,
બનાસકાંઠા



ગણપતભાઈ જોશી
જીલ્લા ઈન્ચાર્જ
સ્વામી વિવેકાનંદ ૧૫૦મી
જન્મ જયંતિ ઉજવણી સમિતિ

# સતત ત્રણ વખત ચીફ મિનિસ્ટર બનેલા મોદીનો આજે જન્મદિન

## મોદીએ સૌથી વધુ શાસન કરવાનો રેકોર્ડ તો બનાવી લીધો પણ માધવસિંહ સોલંકીએ મેળવેલી ૧૪૯ બેઠકોનો રેકોર્ડ હજી સુધી તોડી શક્યા નથી

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી ૧૭મી સપ્ટેમ્બરે ૬૩મા વર્ષમાં પ્રવેશ કરશે. તેમનો જન્મદિન રાજકોટમાં ઉજવાશે. રાજકોટમાં યુવા વિકાસ યાત્રાનો કાર્યક્રમ હોવાથી તેઓ યુવા વિકાસ પરિષદને સંબોધન કરશે.

રાજકોટના કાર્યક્રમમાં ૨૫ હજારથી વધારે યુવાનો ઉપસ્થિત રહેવાના છે. વહીવટી તંત્રએ આ કાર્યક્રમ માટે ૫૯૦ એસટી બસ રોકી છે. આ સમારંભનો કુલ ખર્ચ દોઢ કરોડની આસપાસ થશે.

ગુજરાતમાં મોદીની સરકાર ૪૦૦૦ દિવસો પુરા કરવા જઈ રહી છે. રાજ્યમાં આટલા દિવસો સુધી કોઈ સરકારે સત્તા ભોગવી નથી. સૌથી વધુ દિવસ સત્તા ભોગવવાનો માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તેમણે

**સત્તર વર્ષથી કોંગ્રેસે રાજ્યમાં સત્તા પ્રાપ્ત કરી નથી, કેશુભાઇ બે વખત સફળ રહ્યાં**

તોડ્યો છે, પરંતુ માધવસિંહ સોલંકીના સમયમાં વિધાનસભાની સૌથી વધુ

**મોદીના જન્મદિને રાજકોટમાં યુવા પરિષદ યોજાઇ છે, શાસનના ચાર હજાર દિવસો પૂર્ણ**

બેઠકો મેળવવાનો રેકોર્ડ હજી તોડી શકાયો નથી.

મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર-૧૯૫૦ના રોજ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાંથી તેમણે રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. ૭મી ઓક્ટોબર-૨૦૦૧ના રોજ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં હતા, ત્યારબાદ ૨૦૦૨ અને ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મેળવીને સત્તા પ્રાપ્ત કરી છે. મુખ્યમંત્રી તરીકે તેઓ સતત ત્રણ વખત ચૂંટણી જીતી ચૂક્યાં છે.

મોદીનો શરૂઆતનો કાર્યકાળ આરએસએસ સાથે રહ્યો છે. જૂન-૧૯૭૫ થી જાન્યુઆરી-૧૯૭૭ સુધીની લાંબી કટોકટી વખતે તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના આજે ૬૩મા જન્મદિનની ઉજવણી માટે શહેરભરમાં દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનોને આજે આખરી ઓપ જુદા જુદા સંગઠ્ઠનો આપવામાં વ્યસ્ત બન્યા છે.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી મોદીના જન્મદિનની ઉજવણીનો પ્રારંભ ગાંધીનગર ટાઉનહોલ ખાતેથી થશે. ગાંધીનગરના નગરજનો દ્વારા યોજાયેલ આશીર્વચનના આ વિશેષ સમારોહમાં જગન્નાથ મંદિરના મહંતશ્રી રામહર્ષદાસજી તેમજ સમગ્ર જિલ્લામાંથી વિવિધ ધર્મ-સંપ્રદાયોના સંતો-મહંતો યજુર્વેદની ઋચાઓનું ગાન કરી મુખ્યમંત્રીશ્રી પર આર્શીવચન વરસાવશે.

આ આર્શીવચન સમારોહની સાથે સાથે રક્તદાનના એક વિશેષ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં એક્સોથી પણ વધુ યુવાનો દ્વારા રક્તદાન કરવામાં આવનાર છે. આ ઉજવણી સમારોહ બાદ દરેક નગરજનને સુખડીનો પ્રસાદ વિતરણ કરવામાં આવનાર છે.

આ સમારોહમાં જિલ્લાના સંતો-મહંતોની ઉપસ્થિતિ હોવાને કારણે શહેરભરમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સવારે ૯.૩૦ કલાકે શરૂ થનાર આ કાર્યક્રમને લઈ આયોજકો દ્વારા રક્તદાન કેમ્પ અને પ્રસાદ વિતરણની વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# હોંગકોંગથી ગાંધીનગર લવાઈ રહેલા કન્ટેનરમાંથી ૮.૫૦ કરોડની ચાંદીની ચોરી

## માસ્ટર માઈન્ડ ચોરોએ અસલ સીલ તોડીને ૧૮૨૧ કિલો ચાંદી ઉઠાવી નકલી સીલ મારી દીધું : અડાલજ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૧૬

હોંગકોંગ બેંક ઓફ સ્કોસીયોમાંથી ચાંદીની પાટો ભરીને આવેલા કન્ટેનરમાંથી કોઈ માસ્ટર માઈન્ડ શખ્સોએ રૂ. ૮.૫૦ કરોડની કિંમતની ૧૮૨૧ કિલો ચાંદીની વેલ પ્લાન્ડ ચોરી કર્યાની ઘટના અડાલજ પોલીસ સ્ટેશને નોંધાવા પામી છે. કન્ટેનરમાં ચાંદીની પાટોનું ઓરીજીનલ સીલ કાઢીને ૬૦૩ ચાંદની પાટો પૈકી ૫૭ પાટો ચોરી લઈ ડુપ્લીકેટ સીલ મારી ચોરો સિફતપૂર્વક નીકળી ગયા હતાં. આ ચોરી હોંગકોંગથી સિંગાપુર જતા થઈ કે મુંબઈ પોર્ટથી ગાંધીનગર નજીકના ખોડીયાર કન્ટેનર ડેપો આવતા ચાલુ ટ્રેને થઈ તે અંગે સઘન તપાસ શરુ કરીને ચોરોને શોધી કાઢવા અડાલજ પી.આઈ. એસ.જી. પરમારે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૧૨ ઓગષ્ટથી ૧૩ ઓગષ્ટ પહેલા હોંગકોંગ બેન્ક ઓફ સ્કોસીયોનું ચાંદીનો ૬૦૩ પાટો ભરેલો જથ્થો કન્ટેનરમાં ડીલીવરી માટે ગુજરાત રવાના કરાયો હતો. હોંગકોંગથી આ કન્ટેનર સિંગાપુર થઈને ત્યાંથી નાવાસુવા વિસ્તારમાં લઈ જવાયું હતું. અને નાવાસુવાથી રેલ્વેમાં ચઢાવેલું ચાંદી ભરેલું કન્ટેનર ગાંધીનગર નજીકનાં ખોડીયાર આઈ.ઓ.સી. આવી પહોંચ્યું હતું. ખોડીયાર કન્ટેનર ડેપોમાં પહોચેલું કન્ટેનર ચેક થયું તો તેનું વજન ઓછું જણાયું હતું. જેથી બારીકાઈથી તપાસ કરતાં ચાંદીના જથ્થાને મારવામાં આવેલું સીલ બદલાઈ ગયેલું નજરે ચઢયું હતું. અસલ સીલ

● અનુસંધાન પાન-૭ પર



# ૪૦૦ ટકા ભથ્થા વધારા સાથે ગુજરાતના હોમગાર્ડ્ઝને પ્રોત્સાહન

**કાયદો - વ્યવસ્થાની જાળવણી, ટ્રાફિક નિયમન અને આપત્તિ સમયે સતત કાર્યશીલ ૫૦ હજાર મહિલા / પુરુષ હોમગાર્ડ્ઝ જવાનોને લાભ મળશે**

- હોમગાર્ડ્ઝ જવાનોને મળતા દૈનિક ભથ્થામાં અઢીગણો વધારો : દૈનિક ભથ્થુ રૂા. ૮૦ થી વધારી રૂા. ૨૦૦ કરાયું
- પહેલાં તાલીમ માટે ભથ્થું મળતું જ ન હતુ: હવે તાલીમ સમયને ફરજ ગણી દૈનિક રૂા. ૨૦૦નું ભથ્થું
- મેસિંગ ભથ્થું એક દિવસનું રૂા. ૧૬ થી વધારી રૂા. ૧૦૦ કરાયું
- પરેડ ભથ્થું એક દિવસનું રૂા. ૧૪ થી વધારી રૂા. ૪૦ કરાયું
- પહેલાં ૪ વર્ષે બે જોડી ગણવેશ મળતો : હવે ૪ વર્ષમાં ચાર જોડી ગણવેશ





**સૌની સેવા... સૌની સુરક્ષા... સૌનો વિકાસ...**

## Viviekanand Yuva Vikas Yatra

# વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા



માન. મુખ્યમંત્રીશ્રી
**નરેન્દ્રભાઈ મોદી**
દ્વારા જન્મદિને
**આદ્યશક્તિ માં અંબેના**
આશીર્વાદ સાથે
આજે **અંબાજી**થી
પ્રસ્થાન



**ઉપસ્થિત રહેનાર મહાનુભાવો**



માન. શ્રી નીતિન ગજકરીજી
(રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી)

માન. શ્રી પરષોત્તમભાઈ રૂપાલા
(રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સંસદસભ્યશ્રી)

માન. શ્રી આર. સી.ફળદુ
(પ્રદેશ અધ્યક્ષ, ગુજરાત)






Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com